સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

તંત્ર માટે ખાયકીની દેગ થઈ જાય છે,
વિરોધ પક્ષે નશાની પેગ થઈ જાય છે.
કેગ થઈ જાય છે માત્ર શોભાને ગાંઠિયો -
સેવાયા વિનાનું ખોટું 'એગ' થઈ જાય છે.
(કેગ અહેવાલ અભેરાઈ પર)

હાઈકુ

ખીલે કમળ,
ચર્ચાના કાદવમાં -
મત મશીને...
('પંચ' પ્રતિષ્ઠા ખરડાઈ)

નોટો નકલી!
ને પોલીસ નકલી!
માલ નકલી!
(નેતૃત્વ નકલી)

ચિંતન

દંડઃ સમ્પદા યોજતિ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે. કાનૂન વ્યવસ્થા-રાજાને સંપત્તિયુક્ત બનાવે છે.

રાજ્યની કાનૂન વ્યવસ્થા યોગ્ય રીતે ચાલતી હોય તો રાજ્યમાં સુખ-શાંતિ પ્રવર્તે છે અને રાજ્યલક્ષ્મીમાં વૃદ્ધિ થાય છે. કાનૂન એ ન્યાયનો પર્યાયવાચી છે. વાસ્તવમાં કાનૂન જ ન્યાય છે. કાનૂન-વ્યવસ્થા જો સર્વાંગસંપૂર્ણ ન હોય તો રાજ્યમાં અરાજકતા છવાય છે અને રાજ્યના આવકનો સ્રોતો ખોરવાઈ જાય છે. શાસનના ઉચ્ચ સ્થાને બેઠેલા અધિકારીઓ પોતાનાં ખીસાં ભરવા માંડે છે અને રાજ્યની તિજોરી તળિયાઝાટક બનતી જાય છે. આથી કાનૂન-વ્યવસ્થા જડબેસલાક હોવી જોઈએ.

રાજ્યનું વહીવટી તંત્ર લાંચ-રૂશ્વત અને કૌભાંડોથી ખરડાયેલું હોય અને રાજ્યનું ન્યાયતંત્ર પણ ચર્ચાની એરણે હોય ત્યારે રાજ્ય-દેશની સ્વાતંત્ર્ય વ્યવસ્થા - પડી ભાંગે છે.

સુવિચાર

- પુશ યૉર સેલ્ફ બિયોન્ડ લિમિટ એન્ડ હેવ અનલિમિટેડ ફન - **નવનીત**
- તમે પૈસાથી હથિયાર તો ખરીદી શકશો પણ યુદ્ધ લડવાની હિંમત નહીં ખરીદી શકો - **એની બેસન્ટ**
- તમે જયાં હો ત્યાંથી જેટલું કરી શકો એટલું... પૂરા દિલથી જોર લગાવી કરો... વિજય માટે બીજો વિકલ્પ જ નથી - **શિવખેરા**
- પ્રતિક્ષા આપણને અંદરથી મજબૂત બનાવે છે, પુરુષાર્થ અને પ્રાર્થના ચાલુ રાખીને પણ પ્રતિક્ષા કરી શકાય છે... ઈચ્છિત પરિણામ ઝડપથી ન પણ મળે એ માટે રાહ જોતા શીખવું - **યુ.જી. કૃષ્ણમૂર્તિ**
- સમય જોઈ સંબંધ રાખે એના કરતા સંબંધ જોઈ સમય આપે તે સાચો સંબંધ - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધ, આગ્રહ, પૂર્વગ્રહ, પરિગ્રહ જીવનમાંથી નાબૂદ થાય તો જ પ્રભુનો અનુગ્રહ થાય - **જૈનસૂત્ર**
- આજનું ઔષધ : પીપળાના તાજા પાનનો રસ ૨ ચમચી સવાર-સાંજ પીવાથી લોહી પાતળું થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

જયોતિષ વિજ્ઞાન જ છે. સંપૂર્ણ ગણિત પર આધારિત છે, એમા ધંધાદારી લોકો પેસી ગયા છે તેથી તેનું ગૌરવ સચવાતું નથી.

રાજાના દરબારમાં એક જયોતિષ હતો. તે જાતજાતના મુહૂર્ત કાઢી રાજાને ગૂંચવી નાખી શરમજનક પરિસ્થિતિમાં મૂકતો. આ નક્ષત્ર અને આ મુહૂર્ત અને આ દિવસ અને જાતજાતની આગાહી કરવામાં રાજયનો વિકાસ પણ થતો ન હતો. રાજાને તેના પરથી વિશ્વાસ ઊઠી ગયો હતો. એક દિવસ જયોતિષને દરબારમાં બોલાવ્યો. પૂછતાં કહ્યું, 'મહારાજ મુહૂર્ત સારું નહોતું એટલે શુભ ચોઘડિયું જોઈને નિકળ્યો.'

રાજાએ કહ્યું, 'પંડિતજી, આપનું આયુષ્ય કેટલું છે તે કહી શકશો?'

પંડિતજીએ તરત પંચાગ કાઢી ગણતરી માંડીને કહ્યું, 'નેવું વર્ષ મારું આયુષ્ય છે.' રાજાએ કહ્યું, 'એમ છે!' રાજાએ ઊભી થઈ તલવારનો ઘા કરી પંડિતનું માથું જ વાઢી નાખ્યું. દરબારમાં સન્નાટો છવાઈ ગયો. રાજાએ સૌને સમજાવ્યું કે જયોતિષ વિજ્ઞાન જરૂર છે. પરંતુ તેના બહાને જાતજાતના તૂત કરી વહેમ ફેલાવી પ્રજાને લૂંટવામાં આવે છે. પુરુષાર્થ અને અણશ્રદ્ધા જ સફલતાની ચાવીઓ છે.

ગૌવંશના નામે બિનજરૂરી તણાવ ન સર્જાવો જોઈએ

તંત્રીસ્થાનેથી...

ગાંધીનગર ગુજરાતનું પાટનગર છે. અહીં આવેલ સ્વર્ણિમ સંકુલ અને સચિવાલય દ્વારા ગુજરાત સરકાર એનો વહીવટ ચલાવે છે. થોડા જ વખત અગાઉ વિધાનસભામાં ગૌરક્ષા અંગેનો કડક કાયદો પસાર કરીને વર્તમાન વિજય રૂપાણી સરકારે બહુમતી હિંદુ પ્રજાનું દિલ જીતી લીધું હતું. ગાંધીનગર સમાચારે પણ તંત્રીલેખ લખીને ભાજપ સરકારની આ પહેલને આવકારી હતી. હજી તો ગૌરક્ષા કાનૂનના નવા મુસદ્દાની શાહી પણ નથી સુકાઈ ત્યાં પાટનગરના સેકટર-૫ ખાતે વાછરડાનું માથું અને બીજા અંગોના અવશેષ મળી આવતાં સરકાર અધ્ધર શ્વાસે થઈ ગઈ છે. ગાંધીનગરમાં ઉગાડવામાં આવેલા જંગલોમાં પશુપાલકો ઢોર ચરાવતા હોય છે તો બીજી તરફ ગુપચૂપ રીતે ગેરકાયદેસર માંસમચ્છીનો વેપાર પણ ચાલ્યા કરે છે. આથી વાછરડાનું માથું મળી આવતાં હિંદુ પ્રજાનું દિલ દુખાય તે સ્વાભાવિક છે. વળી આ ઘટના રામનવમીના પવિત્ર તહેવારના દિવસે જ બની હોઈ એમાં સરકારી પ્રતિબંધ સામેની પ્રતિક્રિયા લેખે તોફાની તત્ત્વો દ્વારા આવું કૃત્ય કરાયું હોવાની આશંકા પણ પ્રબળ બની છે. સરકારે તાબડતોબ વેટરનરી ડૉકટરો અને એફએસએલ તજજ્ઞોને સત્ય શોધી કાઢવા સાબદા કરતાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ રહેશે, તે સાચું. પરંતુ આવી ધૃણાસ્પદ બાબતને રાજકીય કે સાંપ્રદાયિક રંગ ન લાગે તે જરૂરી છે. બનવાજોગ કે જંગલમાં ચરતું વાછરડું માંદુ પડી મરી ગયું હોય, ગોપાલકે એને ત્યાં જ છોડી દીધું હોય અને એને કૂતરાંએ ફાડી ખાધું હોય. એફએસએલ રિપોર્ટમાં વાછરડાની કતલ થઈ છે કે એના કુદરતી મૃત્યુ પછી કૂતરાંઓ ચૂંથાચૂંથ કરી છે, તે સ્પષ્ટ થઈ જશે. જો એની કતલ થઈ હોય તો તે અત્યંત ગંભીર બાબત ગણાવી જોઈએ. સરકારી તંત્રે એવાં તત્ત્વો પર સકંજો કરી એમને કઠોર સજા કરી દાખલો બેસાડ્યો જોઈએ. જો વાછરડાને એના માલિક દ્વારા રઝળતું મૂકી દેવાયું હોય તો એની પણ ઊંડી તપાસ થવી જોઈએ અને ગૌવંશ પ્રત્યે દાખવેતી ક્રૂરતા બદલ એવા ગોપાલકને પણ કડક સજા થવી જોઈએ. સરકારે પસાર કરેલો ગૌવંસ સંરક્ષણનો કાયદો પોથીમાંના રીંગણાં ન બની રહે તે જોવાની તંત્રની ફરજ છે. સૌથી મહત્ત્વની વાત એ કે આ મુદ્દે સ્વાર્થી રાજકારણ ન રમાવું જોઈએ. ભાજપ સરકારે ગૌવંશ કાયદામાં કરેલ સુધારા વિશે કોંગ્રેસી ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખની ટિપ્પણી મહત્ત્વની છે. એક ખાસ સમુદાયને ગૌવંશ વિરોધી માની લેવાની માનસિકતામાંથી આપણે બહાર આવવું જ રહ્યું. કચ્છના જત મુસલમાનો ગાયોના તબેલા ચલાવે છે. કચ્છના બન્ની વિસ્તારમાં ભેંસને પણ કોઈ કતલખાને નથી મોકલતું. સર્વવિદિત છે કે બન્ની વિસ્તારના મુસ્લિમો પશુપાલકો ઘી-દૂધના ધંધા પર આજીવિકા રળે છે અને દૂધાળાં પશુઓ માટે એ વિસ્તાર સ્વર્ગ સમાન છે. ગૌવંશના નામે રાજકારણ કરવું એ તો પવિત્ર ગાયમાતાની ક્રૂર મશ્કરી જ ગણાશે. આશા રાખીએ કે આ મુદ્દે તમામ રાજકીય આગેવાનો અને પ્રબુદ્ધ નગરવાસીઓ જાગ્રહ રહેશે. વિશ્વ હિંદુ પરિષદે પણ વાછરડાના મુદ્દે સત્ય બહાર આણવામાં સહયોગ કરવો જોઈએ. ગુનેગારને સખત સજા થવી જોઈએ પણ પ્રજામાં આવી ઘટનાને પરિણામે ફેલાતી ગેરસમજ કે ધૃણાને ઊગતાં જ દાબી દઈ સૌએ શાણપણ દાખવવાની જરૂર છે. એ જ સાચો નાગરિક ધર્મ ગણાશે.

ઉનાળાની શરીર પર આડ અસર

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

માર્ચ મહીનો એટલે ગરમીની શરૂઆત અને હવે એપ્રિલ એટલે તો પૂછો જ નહીં. વાગે એવો તાપ. ગરમીની શરુઆત થતાં જ લોકો કંટાળો અનુભવવા લાગે છે. ઠંડીની ઋતુ સારી એમ કહીને ઉનાળાને કોસ્યા કરે છે. ત્યારે આ નાની પીંકું તો ગરમીની રાહ જોઈને બેઠી છે. પૂછો કેમ ? પીંકુ નાની ઢીંગલી જેવી દસ વર્ષની બેબી છે. પીંકુને શેરડીનો રસ બહુ જ ભાવે. અને શેરડીનો રસ તો ઉનાળો શરૂ થતાં દરેક ચાર રસ્તા પર જોવા મળે. મસ્ત ઠંડો બરફ, છીણ બનાવીને કાચના ગ્લાસમાં ભરવાનો અને શેરડીને સંચામાં પીસીને રસ કાઢી ઉપર મસ્ત મસાલો નાખીને ઠંડો શેરડીનો રસ પીવાની કેવી મજા પડે. પીંકુ તો માત્ર વિચાર કરીને જ ખૂશ... ખૂશ... થઈ જતી જાણે મોમાં રસ આવી ગયો...

આજે પીંકુની સ્કુલની પરીક્ષા પૂરી થઈ અને મમ્મી અને પીંકુ ભરબપોરે ઉપડ્યા. બાજુમાં રહેતા સરીતાબહેને બુમ મારી અલ્યા આ ગરમીમાં ક્યાં ચાલ્યા ? તાપ તો જુઓ લુ લાગી જશે. અહીં આવ એ.સી. ચાલુ છે. ઠંડામાં બેસીએ. પીંકુ તો સરીતા આન્ટીની બુમ સાંભળીને નિરાશ થઈ ગઈ. મનમાં થયું હવે અડધો કલાકની વાતો અને મારે ઠંડો શેરડીનો રસ... ગરમ થઈ જશે... પણ બિચારી શું કરે ? મમ્મીની વાત તો માનવી જ પડે ને. પીંકુને મમ્મી બંને સરીતા બહેનના ઘરે એ.સી.માં બેઠાને થઈ ગરમીની વાતો ચાલુ. સરીતાબહેન વાતો કરતા કરતા કેરી છીણી રહ્યા હતા. પીંકુને બેઠા બેઠા વિચાર આવ્યો. આ કેરી તો મસ્ત ચીરી કરીને મીઠામાં બોળીને ખાવાની મજા આવે તો આ આન્ટી શું કરો છો ? સરીતાબહેને કહ્યું બેટા કેરી - ડુંગળીનું કચુંબર બનાવા માટે કેરી છીણી રહી છું. ઉનાળામાં અમે રોજ કેરી-ડુંગળીનું કચુંબર ખાઈએ પીંકુએ કહ્યું કેમ ? સરીતાબેન બોલ્યા કેરી-ડુંગળીના કચુંબરના ઘણા ફાયદા છે. ગરમીમાં સખ્ત તાપ સામે અને ગરમ પવન જેને 'લુ' કહે છે. એવી લુ સામે રક્ષણ માટે કેરી-ડુંગળી અક્સિર છે. વળી કેરીના તો ઘણા ફાયદા છે. કેરીમાંથી વિટામીન-એ, વિટામીન-સી અને વિટામીન-ઈ મળે છે. કેરીથી ત્વચા સારી બને છે. વળી કેરી બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં પણ ઉપયોગી છે. પીંકુની મમ્મીએ કહ્યું કે આના પપ્પાને બી.પી.ની તકલીફ છે. હવે અમે પણ રોજ કેરી-ડુંગળી બનાવીશું. સરીતાબહેન બોલ્યા અને પીંકુ તારા માટે કેરી બહુ સારી કારણ કે તેનાથી યાદશક્તિ વધે છે. વળી કેરી ફાઈબરયુક્ત ફળ હોવાથી પાચન માટે સારી. પીંકુને નવાઈ લાગી. પપ્પાની સાથે સાથે એની મમ્મીને પણ... પીંકુ હમણા હમણા બદલી થઈ અને ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવીને વસ્યા હતા. પીંકુને ખાવા-પીવાનો ચટાકો હતો. એટલે એ સતત સરીતાબહેનને કેવી રીતે બનાવે છે એમ જોયા કરતી, અને સરીતાબહેન અને પીંકુની મમ્મી અલક મલકની વાતો કરવા લાગ્યા. વાતો કરતા કરતા માં તો કેરી ડુંગરીનું કચુંબર તૈયાર થઈ ગયું. આન્ટીએ પીંકુને પૂછ્યું તારે આ કચુંબર ચાખવું છે ? પીંકુ તો ક્યારની તૈયાર જ હતી. સરીતાબહેને પીંકુને ડીશમાં રોટલી અને કચુંબર આપ્યું. પીંકુ ખાઈને ખૂશ થઈ ગઈ. મમ્મીને કહે હવે આવું મારા માટે ઘરે રોજ બનાવજે. સરીતાબહેને કહ્યું પીંકુ આવી રીતે કાચી કેરીમાંથી ઘણી વાનગીઓ બને. કેરીનું શાક ગોળ નાખીને તો બહુ જ સરસ લાગે. વળી આંબોળીયા પણ બને. જમ્યા પછી મુખવાસમાં ખાવાના. પીંકુ બોલી આન્ટી મજા પડી ગઈ. હવે મમ્મીને બધું બનાવતા શીખવાડી દેજો. મમ્મી ચલ જલદી બહુવાર થઈ ગઈ. હવે આપણે શેરડીનો રસ પીવા જઈએ. પીંકુની વાત સાંભળીને સરીતાબહેન ચોંકી ઉઠ્યા. પીંકુ... બેટા શેરડીનો રસ બહાર !! લારી પર !! આટલી ગરમીમાં પીવા જાઓ છો ?? હા આન્ટી, પીંકુ તો ખૂશ ખૂશ થઈને બોલી આન્ટી તમે પણ આગ્રહ કર્યો. અમારી સાથે ચાલો મજા આવશે. મમ્મીએ સરીતાબહેનને લાગ્યું કે પીંકુના મમ્મી જરા ઓછા સમજું છે અને પીંકુ તો સાવ નાની છે આમને સમજાવું પડશે. સરીતાબહેન બાજુના ગામનાં એમ.બી.બી.એસ. ડૉક્ટર તરીકે સેવા આપતા હતા. એટલે શું ખાવુંપીવું અને કઈ વાતોનું ધ્યાન રાખવું તે સારી રીતે જાણે. સરીતાબહેને પીંકુને

અનુસંધાન પાના નં. ૭ પર

'આપણા દેશમાં, આપણું રાજ્ય' નો નારો કોણે આપ્યો હતો?

ખજાનો

અનિલ પટેલ

વ્યક્તિ વિશેષ

(૧) ભારતમાં સૌ પ્રથમ રૂપિયાનું ચલણ કોણે શરુ કર્યું હતું?
(અ) હર્ષવર્ધને (બ) શેરશાહી સૂરી
(ક) જહાંગીરે (ડ) સમુદ્રગુપ્તે

(૨) ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઊભા રહેનાર પ્રથમ મહિલા કોણ છે?
(અ) કેપ્ટન લક્ષ્મી સેહગલ (બ) સરોજીની નાયડૂ
(ક) વિજયાલક્ષ્મી પંડિત (ડ) શંકુન્તલાદેવી

(૩) કયા નેતા 'કોહિતવાદી' તરીકે ઓળખાય છે ?
(અ) ચિત્તરંજનદાસ (બ) વિનોબાભાવે
(ક) સુરેન્દ્રનાથ બેનરજી (ડ) ગોપાલહરિ દેશમુખ

(૪) ભારતમાં સૌ પ્રથમ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કોણે અમલમાં મૂક્યું હતું ?
(અ) લોર્ડ મેકોલોએ (બ) સયાજીરાવ ગાયકવાડે
(ક) જમશેદજી તાતાએ (ડ) એમ.એસ. સ્વામિનાથન

(૫) સ્વામી વિરજાનંદ કોના ગુરુ હતા?
(અ) સ્વામી દયાનંદ સરસ્વતી (બ) સ્વામી વિવેકાનંદ
(ક) જ્ઞાનદેવ (ડ) સરજાનંદ સ્વામી

(૬) આર કે. લક્ષ્મણનું નામ કયા ક્ષેત્રે જાણીતું છે ?
(અ) સંગીતકલા (બ) કાર્ટુનિંગ
(ક) ભીંત ચિત્રો (ડ) કાષ્ટકલા

(૭) આદિગુરુ શંકરાચાર્યનો જન્મ કયારે થયો હતો?
(અ) ઈ.સ. ૭૦૦ (બ) ઈ.સ. ૭૫૦
(ક) ઈ.સ. ૭૮૮ (ડ) ઈ.સ. ૮૦૦

(૮) અલી અકબર ખાનનું નામ કયા વાદ્ય સાથે સંકળાયેલું છે ?
(અ) સરોદ (બ) બાંસુરી
(ક) તબલા (ડ) ગિતાર

(૯) બેગમ અખતરી ફૈઝાબાદી કયા નામે ઓળખાય છે?
(અ) કોકીલ કંઠી (બ) રૂહે ગઝલ
(ક) સુર સામ્રાજ્ઞી (ડ) સુરે ગઝલ

(૧૦) 'એગ્નસ ગોકસા' એ કોનું મૂળનામ છે ?
(અ) મીરાં એલ્ફોન્ઝે (બ) સિસ્ટર નિવેદિતા
(ક) મધર ટેરેસા (ડ) ડૉ. ટેસી થોમસ

(૧૧) ૨૨ ડિસેમ્બર કયા ગણિતશાસ્ત્રીનો જન્મદિવસ રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઓળખાય છે ?
(અ) આર્યભટ્ટ (બ) કણાદ
(ક) સી.વી. રામન (ડ) શ્રીનિવાસન રામાનુજ

(૧૨) પંજાબમાં ભક્તિ આંદોલનના અગ્રણી કોણ હતા?
(અ) ગુરુનાનક (બ) ગુરુ ગોવિંદસિંહ
(ક) જ્ઞાનદેવ (ડ) અર્જુન દેવ

(૧૩) સૌ પ્રથમ મરણોત્તર ભારતરત્ન કોને એનાયત થયો હતો?
(અ) સરદાર પટેલ (બ) ડૉ. બાબા સાહેબ આંબડેકર
(ક) લાલ બહાદુર શાસ્ત્રી (ડ) મોરારજી દેસાઈ

(૧૪) 'આપણા દેશમાં, આપણું રાજ્ય' નો નારો કોણે આપ્યો હતો?
(અ) ભારતેન્દુ હરિચંદ્રએ (બ) મદનમોહન માલવિયાએ
(ક) મૌલાના આઝાદે (ડ) નાના ફડનવીશે

(૧૫) આયોજન પંચના પ્રથમ મહિલા અધ્યક્ષ કોણ હતા?
(અ) ઈન્દિરા ગાંધી (બ) ડૉ. અમૃતા પટેલ
(ક) સરોજિની નાયડુ (ડ) લક્ષ્મી પંડિત

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- **૭ એપ્રિલ ૧૮૬૬ : ઈવાર ફ્રેધોલ્સ :** સ્વીડીશ ગણિતશાસ્ત્રી 'ફ્રેરધોલ્મ ઈન્ટીગ્રલ ઈડવેશન' આપનાર
- **૭ એપ્રિલ ૧૮૬૦ : ડબલ્યુ કે. કેલ્લોગ :** અમેરિકન ઉદ્યોગપતિ તથા સંશોધક, બ્રેકફાસ્ટ માટે દાળનો ઉપયોગ કરી ખાવાની અનેક ચીજવસ્તુઓ બનાવનાર
- **૮ એપ્રિલ ૧૮૬૮ : હર્બટ સ્પેન્સર જિનીંગ :** અમેરિકન જુઓલોજીસ્ટ. 'માઈક્રોઓગ્રેનીઝમ'ની વર્તણૂક કરનાર પ્રથમ વૈજ્ઞાનિક
- **૮ એપ્રિલ ૧૮૫૦ : વિલિયમ હેનરી વેલ્ચ :** અમેરીકન પેથોલોજીસ્ટ, મોર્ડન મેડીકલ પ્રેક્ટીસને વેગવંતુ કરનાર
- **૯ એપ્રિલ ૧૯૦૧ : હાવર્ડ એ. રસ્ક :** અમેરીકન તબીબ અને વૈજ્ઞાનિક. 'સાયન્સ ઑફ રીહેબીલીટેશન મેડીસીન' ના સ્થાપક
- **૯ એપ્રિલ ૧૮૯૯ : જેમ્સ એસ. મેકડોનેલ :** અમેરીકન એરક્રાફટ બનાવનાર. ૧૯૨૮ એરક્રાફટ કંપની શરુ કરનાર
- **૧૦ એપ્રિલ ૧૮૬૩ : પૌલ લૂઈસ ટુસીયન્સ હૅરૌલ્ટ :** ફ્રેન્ચ ખનીજશાસ્ત્રી અને રસાયણશાસ્ત્રી. 'ઈલેકટ્રીક આર્ચ ફર્નેશ' બનાવનાર
- **૧૦ એપ્રિલ ૧૮૩૮ : ફ્રેન્ચ સ્ટેફેન બેલ્ડવીન :** અમેરીકન સંશોધક, મિકેનિકલ કેલ્ક્યુલેટર બનાવનાર
- **૧૧ એપ્રિલ ૧૮૬૨ : વિલિયમ વોલેસ કેમ્પબેલ :** અમેરીકન એસ્ટ્રોનોમર, તારાઓનું સ્પેક્ટ્રોગ્રાફીકલ અધ્યયન કરનાર
- **૧૧ એપ્રિલ ૧૮૨૯ : એલેક્ષ ઝેન્ડર - બુચાન :** બ્રિટીશ મીટીઓરોલોજીસ્ટ.... તાપમાન અંગેનો વેધરમેપ તૈયાર કરનાર
- **૧૨ એપ્રિલ ૧૮૫૩ : સરજેમ્સ મેકઝીન :** સ્કોટીસ કાર્ડીયોલોજીસ્ટ. હૃદયની ધમની અંગે અભ્યાસ કરનાર પ્રથમ વૈજ્ઞાનિક
- **૧૨ એપ્રિલ ૧૮૫૨ : ફેરડીલેન્ડ વોન લીન્ડરમાન :** જર્મન ગણિતશાસ્ત્રી 'કલાસિકલ ગ્રીક મેથેમેટીક્સ' પર અભ્યાસ કરનાર
- **૧૩ એપ્રિલ ૧૯૦૫ : બ્રુનો રોસી :** ઈટાલીયન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી કોસ્મીક રેડિયેશન પર સંસોધન કરનાર
- **૧૩ એપ્રિલ ૧૯૦૧ : જેક્સ લેકન :** ફ્રેન્ચ 'સાયકો એનાલીસ્ટ' માનવ વર્તણૂક પર અભ્યાસ કરનાર

ગત સપ્તાહના સવાલનો જવાબ

સવાલ : '૨૨ એપ્રિલ કયા દિવસ તરીકે ઉજવાય છે'?

જવાબ : ધરતી દિન (અર્થ ડે)

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) શૈલેષભાઈ ઝેડ : ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસી. (૭) આકાશ જી. પટેલ : સે-૨૩

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું મૂળ નામ શું છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) બ (૫) અ (૬) બ (૭) ક (૮) અ (૯) બ (૧૦) ક (૧૧) ડ (૧૨) અ (૧૩) ક (૧૪) બ (૧૫) અ

સંસ્કારીતા અને સંવેદનાનીશ્રી - રાજ્ય શ્રી

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

રાજયશ્રી, થાણેશ્વરના રાજા પ્રભાકર વર્ધન (ઈ. સાતમી સદી) ની રાજકન્યા હતી. તેને બે નાના ભાઈઓ- રાજય વર્ધન અને હર્ષવર્ધન - હતા. રાજયશ્રીના લગ્ન કનોજના રાજા ગ્રહવર્મા સાથે થયા હતા.

સીમાડાના ગામોમાં હૂણોનો ત્રાસ વધી ગયો હતો. એટલે એનાં બંને ભાઈઓ, કિશોરવયના હતા, તો પણ ગયા અને હૂણોને પરાસ્ત કરીને પાછા ફર્યા, એ લોકો આપ્યા કે તરત પિતાનું અવસાન થયું. રાજયવર્ધનને રાજય સંભાળ્યું. રાજયશ્રીએ પતિને વિનંતી કરી કે ભાઈઓ નાના છે, તો તમે એમની પાસે માર્ગદર્શન માટે જાવ. ગ્રહવર્માએ પ્રેમથી સંમતિ આપી.

પરંતુ કાળનું ચક્ર અવળી દિશામાં ફર્યું. કનોજમાં વસંતોત્સવ હતો. પ્રજાજનો ઊજવણીમાં હતા, આમાં છૂપાવેશમાં માલવરાજ દેવગુપ્ત હતો. રાજયશ્રી અને ગ્રહવર્મા કામદેવના મંદિરમાંથી લોકો વચ્ચે જવા નીકળ્યા, ત્યાં દેવગુપ્તે કોઈ દેખીતા કારણ વગર ગ્રહવર્માની હત્યા કરી નાખી અને રાજયશ્રી ને ઉઠાવીને નાસી ગયો. છૂપાવેશમાં એના સૈનિકો સાથે હતા.

માળવામાં એના મહેલ વચ્ચે ઊભા રહીને રાજયશ્રીએ દેવગુપ્તને કહ્યું - 'તું કાયર અને નામર્દ તો ખરો જ, પણ ચરિત્રહીન છો.' દેવગુપ્તે 'તું રાજાનું માન જાળવતી નથી.' એવો આક્ષેપ કર્યો અને તેને જેલમાં કેદ કરી દીધા. જે રીતે ગૌતમબુદ્ધને વાડામાં પુરાયેલા પશુઓને જોઈને કરુણા ઉપજતી; તેની જેમ રાજયશ્રીને કેદીઓની પીડાઓ જોઈને કરુણા ઊપજતી.

સંસ્કારીતા, સંવેદનશીલતા, સેવાવૃત્તિ, નિર્ભિકતા, આવા સદ્‌ગુણોથી રાજયશ્રી અવિસ્મરણીય પાત્ર છે

કારાગારનો અધ્યક્ષ વયોવૃદ્ધ હતો. તેને રાજયશ્રી માટે સહાનુભૂતિ હતી. તે એકવાર રાજયશ્રી પાસે આવ્યો; તેને હાથમાં મશાલ આપી, એને ભેદી સુરંગનો માર્ગ બતાવી દીધો. આ સુરંઘ નગર બહારના જંગલ સુધીની હતી. રાજયશ્રી, એને પગે લાગીને, નાસી છૂટી.

રાજયવર્ધને માળવા પર આક્રમણ કર્યું. દેવગુપ્તને મારીને માળવાને જીતી લીધું. પરંતુ દેવગુપ્તના જોડીદાર ગૌડ નરેશ શશાંકે રાજય વર્ધનની કપટથી હત્યા કરી નાખી. આ સ્થિતિમાં હર્ષવર્ધને સત્તા સંભાળી. હવે એની લશ્કરી તાકાતથી સશાંક ભય પામીને જંગલમાં નાસી ગયો. હર્ષ રાજયશ્રીને શોધવા નીકળ્યો.

એકલી જંગલમાં અથડાતી કૂટાતી રાજયશ્રીને હવે જીવનમાં કોઈ સાર દેખાતો ન હતો. એટલે આત્મહત્યાના ઈરાદાથી એણે ચિતા તૈયાર કરી. પણ હવે કાળચક્ર સીધા દિશામાં હતું. એ અગ્નિ પ્રગટાવે, એ પહેલાં એને હર્ષ દેખાયો! બહેન અને ભાઈની જોડ સંધાઈ ગઈ!

હર્ષ એને પોતાની સાથે લઈ આવ્યો, એણે હર્ષને સમજાવ્યો - 'હવે કાયમને માટે યુદ્ધ નહિ' હર્ષ પ્રતિજ્ઞા લીધી અને જીવનભર જાળવી. એના દરેકે દરેક સત્તાઓમાં રાજયશ્રી એની સાથે જ હોય.હર્ષને ટેવ હતી. દર પાંચ વર્ષે પોતાની અંગત આવક અને રાજયની આવક છૂટ્ટે હાશે દાનમાં આપી દે વિદ્વાનો અને વિદ્યાર્થીઓને આપે, ગરીબોને આપે, આરોગ્ય સેવાઓમાં વાપરે. બધું દાનમાં આપે, ત્યારે પોતે પહેરેલું છેલ્લું વસ્ત્ર ગરીબને આપે; એ પહેલાં રાજયશ્રી હર્ષને છેલ્લું વસ્ત્ર પહેરાવે. થાણેશ્વરમાં આ બહેન અને ભાઈની જોડ બહુ જાણીતી હતી.

સંસ્કારીતા, સંવેદનશીલતા, સેવાવૃત્તિ, નિર્ભિકતા, આ અને આવા સદ્‌ગુણોથી રાજયશ્રી અવિસ્મરણીય પાત્ર છે.